પસંદગી સમિતિ ઠરાવ નંબર-૧ તા.૨૦/૦૮/૨૦૨૫ નો અસલ ઉપરથી ખરો ઠરાવ

" આજરોજ પસંદગી સમિતિની મીટીંગ મળી જેમાં વર્ગ-૩ ની જુદીજુદી જગ્યાઓની જાહેરાત તા.૨૮/૨/૨૦૨૪ થી પાડી અરજીઓ મંગાવેલ જેની સ્પધાત્મક પરીક્ષા તા.૨૩/૨/૨૦૨૫ ના રોજ ગુજરાત યુર્નિવસીટી,અમદાવાદ ખાતે લેવામાં આવેલ પરંતુ જેમાંથી જાહેરાતના અ.નં ૬ વર્ક આસીસ્ટન્ટ અને અ.નં ૮ કોમ્યુનીટી ઓર્ગેનાઇઝર(સમાજ સંગઠક) ની જગ્યા માં ભરતી-બઢતીના નિયમો-૨૦૨૩ માં મંજુર કરાવેલ જેમાં શૈક્ષણિક લાયકાત માં વિસંગતતા જણાઇ આવતાં સદર ૨ (બે) જગ્યાઓની ભરતી રદ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તેમજ ભરતી-બઢતીના નિયમોમાં સુધારો કર્યા બાદ નવેસરથી જાહેરાત પાડી ભરતી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. "

(સહી) નર્મદાબેન જે.ઠાકોર
અધ્યક્ષ
પસંદગી સમિતિ
ઊંઝા નગરપાલિકા

પસંદગી સમિતિ ઠરાવ નંબર-૪ તા.૧૩/૧૦/૨૦૨૫ નો અસલ ઉપરથી ખરો ઠરાવ

" આજરોજ પસંદગી સમિતિની મીટીંગ મળી જેમાં વર્ગ-૩ ની જુદીજુદી જગ્યાઓની જાહેરાત તા.૨૮/૨/૨૦૨૪ થી પાડી અરજીઓ મંગાવેલ જેની સ્પધાત્મક પરીક્ષા તા.૨૩/૨/૨૦૨૫ ના રોજ ગુજરાત યુર્નિવસીટી,અમદાવાદ ખાતે લેવામાં આવેલ પરંતુ જેમાંથી જાહેરાતના અ.નં ૫ મદદનીશ ઇજનેર (ડીપ્લોમા મિકેનીકલ ની જગ્યા બહાલી અર્થે મોકલેલ જેમાં પ્રાદેશીક કમિશ્નરશ્રીના પત્ર નં RCMGN/0030/09/2025 તા.૯/૯/૨૦૨૫ થી ક્ષતિ જણાવેલ જેથી ભરતી-બઢતીના નિયમો-૨૦૨૩ માં મંજુર કરાવેલ જેમાં શૈક્ષણિક લાયકાત માં વિસંગતતા જણાઇ આવતાં સદર જગ્યાની ભરતી રદ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તેમજ ભરતી-બઢતીના નિયમોમાં સુધારો કર્યા બાદ નવેસરથી જાહેરાત પાડી ભરતી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. "

(સહી) નર્મદાબેન જે.ઠાકોર
અધ્યક્ષ
પસંદગી સમિતિ
ઊંઝા નગરપાલિકા

**ઊંઝા નગરપાલિકા સમગ્ર સભા ઠરાવ નંબર-૧૦૮ તારીખ -૨૪/૧૨/૨૦૨૫ના રોજ મળેલ તેના અસલ ઉપરથી ખરો ઠરાવ**

" વર્ગ -૩ ની જુદીજુદી જગ્યાઓની જાહેરાત પાડી અરજીઓ મંગાવી તા.૨૩/૨/૨૫ ના રોજ સ્પર્ધાત્મક પરીક્ષા લીધેલ જેના જાહેરાતના અનુક્રમ નં -(૫) મદદનીશ ઇજનેર (ડીપ્લોમા મિકેનીકલ) (૬) વર્ક આસીસ્ટન્ટ (૮) કોમ્યુનીટી ઓગ્રેનાઇઝર એમ ત્રણ જગ્યાઓની ભરતી રદ કરવા પસંદગી સમીતી ધ્વારા કરેલ કાર્યવાહી નું કામ જોવામાં આવ્યું એકંદરે ચર્ચા વિચારણાના અંતે પસંદગી સમીતી એ કરેલ કાર્યવાહી તેમજ થયેલ ઠરાવોને સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.

(સહી) પટેલ જીજ્ઞાબેન ધર્મેન્દ્ર કુમાર

પ્રમુખ

ઊંઝા નગરપાલિકા